ભાનુશાળીની હત્યામાં મનિષા અને છબીલ પટેલની સંડોવણી

અમદાવાદ,તા. ૨૪

ગુજરાતભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનાર ભાજપના પૂર્વ ધારાસભ્ય અને મોટા ગજાના નેતા જયંતિ ભાનુશાળીની હત્યાના ચકચારી કેસમાં આજે સીઆઇડી ક્રાઈમે બહુ મોટો અને ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, ભાજપના નેતા જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલ અને મનીષા પટેલ મુખ્ય સૂત્રધાર આરોપીઓ હોવાનું સામે આવ્યું છે અને તેઓને જયંતિ ભાનુશાળી સાથે આર્થિક બાબતો સહિતની અનેક વાતોને લઇ ગંભીર મનદુઃખ હોવાના કારણે તેમના દ્વારા સુરજિત ભાઉ અને તેના સાગરિતોની મદદથી કુખ્યાત શાર્પશૂટર શશીકાંત ઉર્ફે બિટિયા દાદા કામ્બ્લે અને શેખ અશરફ અનવર મારફતે જયંતિ ભાનુશાળીની હત્યા કરાવવામાં આવી હતી. તપાસનીશ એજન્સીને અત્યારસુધીની તપાસમાં મનીષા ગોસ્વામી અને છબીલ પટેલ વિરુધ્ધ મજબૂત અને નક્કર પુરાવા હાથ લાગ્યા છે. જો કે, મનીષો ગોસ્વામી અને છબીલ પટેલ હજુ પોલીસ પકડથી દૂર છે. ખાસ કરીને છબીલ પટેલ તો વિદેશ ભાગી ગયો છે. જયારે અન્ય બે શાર્પશૂટર પણ હજુ નાસતા ફરે છે તેથી તેઓને પકડવાની દિશામાં પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, પોલીસે આ સમગ્ર ગુનામાં મદદગારી કરનાર બે આરોપીઓ નીતિન પટેલ અને રાહુલ જયંતિભાઇ પટેલની ધરપકડ કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો કરતાં આજે સીઆઇડી ક્રાઇમના એડિજીપી અજય તોમરે જણાવ્યું હતું કે, જયંતિ ભાનુશાળી હત્યા કેસની તપાસમાં સીઆઇડી ક્રાઇમના ચુનંદા અધિકારીઓની સીટની ખાસ રચના કરાઇ હતી. ઉપરાંત, આ કેસમાં રેલ્વે પોલીસ, ગુજરાત એટીએસ અને શહેર ક્રાઇમબ્રાંચને પણ તપાસમાં સામેલ કરવામાં આવી હતી. ૧૬ દિવસની સઘન તપાસના અંતે જે પુરાવા અને નક્કર કડીઓ હાથ લાગી છે તે પરથી સ્પષ્ટ થયું છે કે, જયંતિ ભાનુશાળીની સાથે આર્થિક બાબતો, રાજકીય હરિફાઇ સહિતના વિવિધ કારણોને લઇ મનીષા ગોસ્વામી અને પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલને બહુ જ ગંભીર મનદુઃખ હોઇ તેમની હત્યા કરી નાંખવામાં આવી છે. આ સમગ્ર કાવતરૂ પાર પાડવામાં મનીષા ગોસ્વામી અને છબીલ પટેલે કુખ્યાત સુરજિત ભાઉ અને તેના સાગરિતો સાથે મળી સમગ્ર ષડયંત્ર રચ્યું હતું.

ચોંકાવનારી વાત એ છે કે, જયંતિ ભાનુશાળીના હત્યારાઓને છબીલ પટેલના નારાયણી ફાર્મમાં રોકાવવા સહિતની વ્યવસ્થા અને સમગ્ર ષડયંત્રમાં તમામ રીતે મદદગારી કરનારા નીતિન પટેલ અને રાહુલ પટેલ નામના આરોપીઓની પણ ધરપકડ કરી લેવાઇ છે. ટૂંક સમયમાં જ પોલીસ આ કેસમાં નાસતા ફરતા મુખ્ય સૂત્રધારા આરોપીઓ મનીષા ગોસ્વામી અને છબીલ પટેલને પણ સંકજામાં લઇ લેશે તેવો દાવો એડિજીપી અજય તોમરે કર્યો હતો. તો, નાસતા ફરતા બંને શાર્પશૂટરને પણ પોલીસ આગામી દિવસોમાં ઝડપી લેશે. આ માટે પોલીસની વિવિધ ટીમો ગુજરાત બહાર ધામા નાંખીને બેઠી છે.

ફર્નિચર, ઍન્ટિક્સ અને હોમ ડેકોરનો અનોખો સમન્વય

આજથી અમદાવાદમાં અનોખું ઍક્ઝિબિશન

અમદાવાદ, તા. ૨૪

આજથી અમદાવાદ ખાતે એક અનોખું ઍક્ઝિબિશન શરૂ થઈ રહ્યું છે, જે આર્ટ અને ડિઝાઈનનો અનોખો સંગમ છે.

ફર્નિચર, એન્ટિક્સ અને હોમ ડેકોરનો એમાં બખૂબી સમાવેશ કરવામાં આવ્યો છે. ખુરશી અને ટેબલથી માંડીને કુશનનાં ઍન્ટીક પીસ પણ એમાં સમાવવામાં આવ્યાં છે અને આ દરેક કલેક્શન કાળજીપૂર્વક તૈયાર કરાયું છે. એન્ટીક્સ અને આધુનિકતાનો સુંદર સમન્વય તેમાં કરવામાં આવ્યો છે.

આર્ટ ઍન્ડ ડિઝાઈન, આર્કિટેક્ચર ઍન્ડ કન્સ્ટ્રક્શન ફિલ્ડના યુવા ગ્રેજ્યુએટ્સ 'અન્વિત' દ્વારા આ ઍક્ઝિબિશન તૈયાર કરવામાં આવ્યું છે.

ઈન્ટિરિયર ડિઝાઈનીંગ માટે કે હોમ ડેકોર માટે ઈચ્છુક નાગરિકો માટે આ એક નેટવર્કિંગ ઈવેન્ટ બની રહેશે. કોઈ ચોક્કસ ડિઝાઈન જરૂરિયાત માટે અહીં કન્સલ્ટેશન ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે.

'ઓરડો' નામનું આ ઍક્ઝિબિશન તા. ૨૫થી ૨૭ જાન્યુઆરી દરમિયાન રિફ્લેક્શન, આશિયાના ફ્લેટ્સ, પ્રેમચંદ નગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે. સવારે ૧૧થી રાત્રે ૮ દરમિયાન આ ઍક્ઝિબિશન આર્ટ, ક્રાફ્ટ અને ઍન્ટીક્સમાં રસ ધરાવતા સૌ નાગરિકો માટે ખુલ્લું રહેશે.

શંકરસિંહ વાઘેલા એનસીપીમાં જોડાય તેવા સંકેત

અમદાવાદ,તા.૨૪

જનવિકલ્પ મોરચાના અધ્યક્ષ અને રાજ્યના કદાવર નેતા શંકરસિંહ વાઘેલા આગામી તા.૨૯ જાન્યુઆરીએ એનસીપીમાં જોડાવાના છે. આ અંગે લાંબા સમયથી ચાલતી અટકળોનો અંત આવ્યો છે. ખુદ એનસીપીના ગુજરાત પ્રમુખ જયંત પટેલે ઉર્ફે જયંત બોસ્કીએ આ બાબતને સમર્થન આપ્યું છે. મધ્ય ગુજરાતની કોઇપણ બેઠક પરથી બાપુ ચૂંટણી લડે તેવો દાવો પણ બોસ્કીએ કર્યો હતો. રાજ્યના રાજકારણમાં દાયકાઓથી શંકરસિંહ વાઘેલા ઉર્ફે બાપુનું ઓછા વત્તે અંશે વર્ચસ્વ રહ્યું છે. છેક જનસંઘના સમયથી અને ત્યારબાદ ભાજપના અગ્રણી નેતા રહ્યા બાદ શંકરસિંહ વાઘેલાએ ભાજપમાં બળવો પોકારી કોંગ્રેસના સમર્થનથી રાજ્યના મુખ્યપ્રધાન પણ બન્યા હતા. તેમણે કોંગ્રેસ વતી વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકેનું પણ નેતૃત્વ કર્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે મતભેદ થતા તેમણે વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણી પહેલાં કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. છેલ્લી ૨૦૧૭ની વિધાનસભામાં ચૂંટણીમાં તેમણે જનવિકલ્પ મોરચાનાં બેનર હેઠળ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું પરંતુ શંકરસિંહ વાઘેલાના એક પણ ઉમેદવારને ચૂંટણીમાં જીત મળી ન હતી. હવે શંકરસિંહ વાઘેલાએ લોકસભાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે એનસીપીમાં જોડાવાનો નિર્ણય કર્યો હોવાના અહેવાલથી રાજ્યનું રાજકારણ ગરમાયું છે. આ અંગે એનસીપીના ગુજરાત પ્રમુખ જયંત પટેલ ઉર્ફે બોસ્કીને પૂછતાં તેમણે જણાવ્યું કે, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ પવાર અને પ્રફુલ્લ પટેલ સહિતના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં શંકરસિંહ વાઘેલા આગામી તા.૨૯ જાન્યુઆરીએ પક્ષમાં જોડાઇ રહ્યા છે.

ઊર્જા ઉત્સવમાં વિદ્યાર્થીઓએ કૌશલ્ય ઊર્જા પ્રદર્શિત કરી

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના ક્લાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે આજે સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ગાંધીનગર જિલ્લાની શાળાઓનો ઊર્જા ઉત્સવ-૨૦૧૯ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ નાનપણથી જ ઊર્જાની જરૂરિયાત સમજે અને તેનો કરકસરભર્યો

ઉપયોગ કરતાં શીખે તે હેતુથી ઊર્જા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મેયર પ્રવિણભાઈ પટેલ, નટવરભાઈ લાડાણી (સંયોજક મહાત્મા ગાંધી વિદ્યામંદિર) તથા ડૉ. અનીલભાઈ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર) તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઊર્જા ઉત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે ઊર્જા ક્વિઝ સ્પર્ધા, ઊર્જા ચિત્ર સ્પર્ધા, ઊર્જા રમતો, ઊર્જા ફિલ્મ શૉ, ઊર્જા પોસ્ટર પ્રદર્શન, ઊર્જા મોડેલ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઊર્જા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાંગીડ પાયલ રમેશભાઈ, શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળા, સે. ૨૩, દ્વિતીય ક્રમે પાયલ ત્રિલોકભાઈ મેઘવાલ, સરકારી પ્રાથમિક શાળા, બોરીજ, તૃતિય ક્રમે કલ્પના અમૃતભાઈ સોલંકી, શ્રી એમ.એચ. વિદ્યામંદિર ડભોડા વિજેતા બન્યા હતા.

ઊર્જા ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બારોટ જૈનીલ એસ. અને પટેલ ઓમ.એન., આર.સી. પટેલ સેકન્ડરી સ્કૂલ, સે. ૨૩, દ્વિતીય ક્રમે ચૌહાણ કૌશિક જે. અને ઠાકોર કાનજી એસ., ગ્રામશાળા ગ્રામભારતી, અમરાપુર, તા. માણસા અને તૃતિય ક્રમે રાઠોડ સુનીલ એ. અને પટેલ રોશન બી., આર.એન. પટેલ પ્રાથમિક શાળા, સે. ૨૩ની ટીમ વિજેતા બની હતી.

ઊર્જા રમત સ્પર્ધામાં પ્રથમ ક્રમે સમીર પરમાર, સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૪, દ્વિતીય ક્રમે મંત્રી વી. ચૌધરી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ અને દ્વિતિય ક્રમે મયુર એન. વસાવા, બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. તમામ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ તેમડ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

૨૯મીથી ''ગાંધી જીવનશૈલી'' પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના પનોતા પુત્ર અને રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગુજરાત વિદ્યાપીઠ અને ભારત સરકારના ઉપક્રમે તારીખ ૨૯મી જાન્યુઆરી-૨૦૧૯થી પોરબંદરથી સાબરમતી આશ્રમ સુધી ગાંધી જીવન પદયાત્રાનું આયોજન કરવામાં આવનાર છે એમ ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીની યાદીમાં જણાવાયું છે.

ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના એન.એન.એસ. કાર્યાલય ડાયરેક્ટર ઓફ એન.એસ.એસ. ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ૨૯મી જાન્યુઆરીથી ૨૮મી ફેબ્રુઆરી એક માસ માટે યોજાનાર આ પદયાત્રામાં ૧૫૦થી વધુ યુવાનો જોડાશે. પૂજ્ય બાપુની જન્મભૂમિ પોરબંદરથી કર્મભૂમિ સાબરમતી અમદાવાદ સુધી યોજાનાર આ પદયાત્રા ૧૫૦થી વધુ ગામોમાં પરિભ્રમણ કરશે.

બિનઅનામત જ્ઞાતિ આયોગ, નિગમો શોભાના ગાંઠિયા છે

અમદાવાદ,તા. ૨૪

રાજય સરકાર દ્વારા બિનઅનામત જ્ઞાતિઓ માટે આયોગ અને નિગમની રચના તો કરી પરંતુ તેને એક વર્ષ ઉપરનો સમય વીતી ગયો હોવાછતાં તેની કોઇ અસરકારક કે પરિણામલક્ષી કામગીરી સામે આવી નથી, જેને પરિણામે, આ આયોગ અને નિગમો જાણે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યા છે.

બિન અનામત જ્ઞાતિઓના લોકોને શિક્ષણ, રોજગારી સહિતના ક્ષેત્રમાં લાભો અપાવવાની માંગણીઓ સાથે આજે અમદાવાદ શહેરમાં બિન અનામત સમાજ એકતા મંચ(ફેડરેશન ઓફ સોશ્યલ વેલ્ફેર એન્ડ રિફોર્મ્સ)ના નેજા હેઠળ પાટીદાર સમાજ, બ્રહ્મસમાજ, જૈન સમાજ, લોહાણા સમાજ, સિંધી સમાજ, વૈષ્ણવ વણિક સમાજ, ભાવસાર સમાજ અને સોની સમાજના આગેવાનો અને પદાધિકારીઓ એકત્ર થયા હતા અને સરકાર સમક્ષ ઉપરોકત સંવેદનશીલ મુદ્દાને લઇ ઉગ્ર માંગણી કરી હતી. સરકાર દ્વારા આ સમગ્ર મામલે જો તાકીદે હકારાત્મક નિર્ણય લઇ ૩૦ દિવસમાં માંગણીઓ નહી સ્વીકારાય તો, બિન અનામત સમાજ એકતા મંચ દ્વારા રાજયભરમાં જિલ્લા-તાલુકા મથકોએ ઉગ્ર દેખાવો અને આંદોલનનો માર્ગ અપનાવાશે એમ ફેડરેશન ઓફ સોશ્યલ વેલ્ફેર એન્ડ રિફોર્મ્સના પ્રમુખ શંકરભાઇ પટેલ, ઉપપ્રમુખ સુરેશભાઇ પટેલ અને સેક્રેટરી હરેશભાઇ પટેલે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા બિન અનામત વર્ગમાં સમાવિષ્ટ કરેલી ૮૦ જેટલી જ્ઞાતિઓની કાયમી સમસ્યા કે પ્રશ્નોના નિરાકરણ માટે આ ફેડરેશનની સ્થાપના કરવામાં આવી છે. બિનઅનામત જ્ઞાતિઓને કોઇપણ રીતે અને કોઇપણ પ્રકારે અન્યાય ના થાય તે માટે ફેડરેશનની સ્થાપના કરાઇ છે. બિન અનામત આયોગ અને નિગમમાં જે રૂ.૫૦૦ કરોડનું ભંડોળ ફાળવ્યું છે અને તેમાંથી હજુ ચાર કરોડ જ વપરાયા છે. વળી, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબી યોજના અંતર્ગત આનંદીબહેન મુખ્યમંત્રી હતા ત્યારે દર વર્ષે એક હજાર કરોડ રૂપિયા આ પ્રકારના વિદ્યાર્થીઓ માટે ફાળવવાની વાત હતી પરંતુ હજુ સુધી તેમાંથી ૧૭૦ કરોડ જ વપરાયા છે અને રૂ.૮૩૦ કરોડ એમ ને એમ પડી રહ્યા તો, જે પડી રહે તે આગળના વર્ષે વપરાય(કેરી ફોરવર્ડ થાય) તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

બનાસ ડેરીના નવનિર્મિત ''ટેક હોમ રાશન'' પ્લાન્ટનું પ્રજાસત્તાક દિને લોકાર્પણ કરાશે

પાલનપુર, તા. ૨૪

સગર્ભા-ધાત્રી માતાઓ, કિશોરીઓ તથા બાળકોમાંથી કુપોષણ નાબૂદ કરવાના લક્ષ્ય સાથે પાલનપુર નજીક બાદરપુરા ઓઇલ

મીલ સંકુલમાં બનાસ ડેરીના નવનિર્મિત ''ટેક હોમ રાશન'' પ્લાન્ટનું ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પ્રજાસત્તાક દિને લોકાર્પણ કરશે. રાજ્યકક્ષાની પ્રજાસત્તાક દિવસની ઉજવણી જ્યારે પાલનપુર ખાતે થનાર છે ત્યારે પ્રગતિશીલ ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી ગુજરાતમાંથી કુપોષણ સંપૂર્ણપણે દૂર થાય તે માટેના સંગીન પ્રયાસ સમાન આ લોકાર્પણ બાબતે સ્થાનિકસ્તરે પણ ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તેવુ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતુ.

૨૮.૫૦ કરોડના ખર્ચે બનાસડેરીના ચેરમેન શંકરભાઇના નેતૃત્વમાં રેકોર્ડ કહી શકાય તેટલા ઓછા માત્ર ૮ માસ જેટલા સમયગાળામાં બનાસ ડેરી દ્વારા નવનિર્મિત 'ટેક હોમ રાશન' (THR) પ્લાન્ટ ૨૦૦ મેટ્રીક ટન પ્રતિદિનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. અહીં ગુજરાત સરકાર દ્વારા સુનિશ્ચિત કરાયેલા ધારા-ધોરણો મુજબ પૂર્ણાશક્તિ, માતૃશક્તિ અને બાલશક્તિ એમ ત્રણ અલગ-અલગ પ્રકારના પોષક તત્વોયુક્ત ''ટેક હોમ રાશન''નું ઉત્પાદન થશે. અહીં એક બાબત ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની ગુજરાત સરકારે કુપોષણથી ગુજરાતને મુક્ત કરવાના આ યજ્ઞ સમાન પવિત્ર કામમાં ગતિ આવે તથા સંપૂર્ણ પારદર્શિતા જળવાય તેવા આશય સાથે તેના અમલિકરણ બાબતે અમૂલ (GCMMF) સાથે કરેલ હતા તથા આ જ સમજૂતીની ફળશ્રુતિ એટલે બનાસ ડેરી દ્વારા નિર્મિત આ THR પ્લાન્ટ.

પરત નહીં...

● પહેલા પાનાનું ચાલુ

થઇ રહી છે. ઈવીએમમાં ગેરરીતિના સંદર્ભમાં અરોડાએ કહ્યું હતું કે, પાંચ રાજ્યોની ચૂંટણી દરમિયાન કુલ ૧.૭૬ લાખ મતદાન કેન્દ્રોમાંથી માત્ર છ ફરિયાદ મળી હતી. લંડનમાંહાલમાં હેકથોનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં એક સાઈબર નિષ્ણાંતે દાવો કર્યો હતો કે ભારતમાં ઉપયોગ કરવામાં આવતા ઈવીએમને હેક કરવામાં આવી શકે છે. સાઈબર નિષ્ણાંત સૈયદ શુઝાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ગેરરિતી આચરવામાં આવી હતી. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ને લઈને ઉઠેલા વિવાદમાં વધારો થતાં ચૂંટણી પંચે ૨૨મી જાન્યુઆરીના દિવસે દાવો કરનાર સાયબર નિષ્ણાત સૈયદ શુઝા સામે એફઆઈઆર દાખલ કરવા દિલ્હી પોલીસને આદેશ કર્યો હતો. શુઝાએ ૨૧મી જાન્યુઆરીના દિવસે દાવો કર્યો હતો કે, ભારતમાં ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવતા ઈવીએમને હેક કરી શકાય છે.

ચૂંટણી પંચે આની ગંભીર નોંધ લઈને આ મામલામાં એફઆઈઆર દાખલ કરીને જરૂરી તપાસ કરવા આદેશ કર્યો હતો. ઈસીઆઈએ પોતાના પત્રમાં કહ્યું છે કે, કેટલાક મિડિયા રિપોર્ટ મારફતે પંચે નોંધ લઈને આ બાબતની નોંધ લીધી છે કે, સૈયદ શુઝાના દાવામાં તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

કોચર સામે ફરિયાદ

● પહેલા પાનાનું ચાલુ

આઈસીઆઈસીઆઈ બેંક સાથે છેતરપિંડી કરવા અન્ય આરોપીઓની સાથે મળીને ચંદા કોચરે ફોજદારી કાવતરા સ્વરુપે ખાનગી કંપનીઓને લોન મંજુર કરી હતી. સીબીઆઈએ કહ્યું છે કે, વિડિયોકોન ગ્રુપને આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા આપવામાં આવેલી ૧૫૭૫ કરોડ રૂપિયાની કુલ લોન એનપીએમાં ફેલાઈ ચુકી છે. સંદીપ બક્ષી, કે રામકુમાર, સંજોય ચેટર્જી, એનએસ કાનન, ઝરીન દારુવાલા, રાજીવ સબ્બરવાલ, કેવી કામત, હોમી ખુશરોખાન સહિત આઈસીઆઈસીઆઈ બેંકના અધિકારીઓની ભૂમિકામાં પણ તપાસ કરવામાં આવશે. સીબીઆઈએ કહ્યું છે કે, વિડિયોકોને આઈસીઆઈસીઆઈ બેંકના એમડી-સીઈઓ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ વિડિયોકોનને ક્રેડિટ ફેસિલિટી અથવા તો લોનની સુવિધા આપવામાં આવી હતી. પહેલી મે ૨૦૦૯ના દિવસે ચંદા કોચરે એમડી તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. ચંદા કોચર પોતે વિડિયોકોન ઈન્ટરનેશનલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડને ૩૦૦ કરોડ રૂપિયા અને વિડિયોકોન ઈન્ડસ્ટ્રીને ૭૫૦ કરોડ રૂપિયાની લોન મંજુર કરનાર પસંદગી કમિટિના સભ્ય પૈકીના એક સભ્ય તરીકે હતા.

આયાત ડ્યુટી...

● પહેલા પાનાનું ચાલુ

પહોંચી છે. લોકસભા ચૂંટણી પહેલા ગ્રામીણ વસ્તીની આવકમાં સુધારાના પ્રયાસથી સરકારી ખજાના પર બોજ આવી રહ્યો છે. આવી સ્થિતીમાં આવી શક્યતા ઓછી છે કે સરકાર સોનાની આયાત ડ્યુટીમાં ઘટાડો કરશે. કારણ કે આના કારણે આવકમાં ઘટાડો થઈ શકે છે. ગોલ્ડ પર આયાત ડ્યુટીને ઘટાડી દેવાનો અર્થ એ થાય છે કે તેમની સંપત્તિની કિંમતમાં ઘટાડો થઈ જશે. આના કારણે મોટી સંખ્યામાં ભારતીય પરિવારમાં નારાજગી જોવા મળી શકે છે. કોટક મહિન્દ્રા બેંકના ગ્લોબલ ટ્રાન્જેક્શન બેકિંગ ના સિનિયર અદિકારી શેખર ભંડારી કહે છે કે વર્તમાન નાણાંકીય વર્ષમાં જીએસટી કલેક્શનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આવી સ્થિતીમાં સરકાર ગોલ્ડ પર આયાત ડ્યુટી ઘટાડી દેવા માટે તૈયાર નથી. ગોલ્ડ પર બે ટકા આયાત ડ્યુટી ઓચી કરવાની સ્થિતીમાં સરકારનુ રાજસ્વ ૫૦ કરોડ ડોલર સુધી ઘટી શકે છે.

સ્નાઈપર હુમલા...

● પહેલા પાનાનું ચાલુ

ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આ પ્રકારના અહેવાલ મળી રહ્યા છે. પાકિસ્તાન સ્નાઈપર અને બેટ જવાન મારફતે હુમલા કરવાની યોજના ધરાવે છે. છેલ્લો થોડાક મહિનાના ગાળામાં ભારતીય સુરક્ષા દળોએ તમામ આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો છે. આને ધ્યાનમાં લઈને હવે પાકિસ્તાને પોતાની રણનીતિ બદલી નાંખી છે. પાકિસ્તાનના કાવતરામાં કુંપવારામાં રહેનાર મોહમ્મદ અશરફની મદદ મળી રહી છે. આ શખ્સ હાલમાં પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં છે. પાકિસ્તાન તેમની મદદથી તંગધાર વિસ્તારમાં આત્મઘાતી હુમલા કરવાની યોજના ધરાવે છે. જાણકાર લોકોએ કહ્યું છે કે, પાકિસ્તાન ૨૬મી જાન્યુઆરી પહેલા બેટ મારફતે હુમલા કરવાની યોજના ધરાવે છે. પાકિસ્તાની આતંકવાદીઓની ગતિવિધિ અંકુશરેખા ઉપર ઓછામાં ઓછા ત્રણ સેક્ટરોમાં જોવા મળી છે. આ પાકિસ્તાની ત્રાસવાદીઓ અને જવાનો ગુપ્તરીતે ભારતીય સરહદમાં ઘુસીને હુમલાની ફિરાકમાં છે. પાકિસ્તાનમાં અનેક જગ્યા પર સ્નાઈપર ગોઠવી દેવામાં આવ્યા છે. તક મળતાની સાથે જ હુમલા કરી શકાય છે. પાકિસ્તાને આ પગલા એવા સમયે લીધા છે જ્યારે ઉત્તરીય કાશ્મીરના ત્રાસવાદ પ્રભાવિત જિલ્લામાંથી એક એવા બારામુલ્લામાં હવે કોઈ ત્રાસવાદી નથી. બારામુલ્લાને કાશ્મીર ખીણના એવા જિલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યો છે જ્યાં હવે કોઈ ત્રાસવાદી નથી. બુધવારના દિવસે બારામુલ્લામાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ ત્રણ ત્રાસવાદીઓનો સફાયો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદ મુક્ત બારામુલ્લાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતની સાથે બારામુલ્લા ખીણના એવા પ્રથમ જિલ્લા તરીકે છે જ્યાં હવે કોઈ ત્રાસવાદી નથી. જમ્મુ કાશ્મીર પોલીસના ડીજીપી દિલબાગ સિંહે આની જાહેરાત કરતા કહ્યુ છે કે બારામુલ્લામાં જિલ્લામાં બુધવારે અથડામણમાં છેલ્લા ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. હવે આજની તારીખમાં બારામુલ્લામાં કોઈ જીવિત ત્રાસવાદી નથી. બુધવારના

વાઈડનીંગ કામ... ● છેલ્લા પાનાનું ચાલુ

માર્ગની સુધારણાની કામગીરી પણ હવે શરૂ કરાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે નગરના મુખ્યમાર્ગોના સરફેસીંગનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જયારે માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ સહીતના રોડ ફર્નિચરની કામગીરી પણ પુર્ણ કરવામાં આવતા નગરના મુખ્યમાર્ગોની રોનક નિખરી છે. જયારે વાઈબ્રન્ટ સમિટના અંતે હવે બાકી રહેતા માર્ગ સુધારણા કામો હાથ ધરવા માટે તંત્રનુ ધ્યાન મંડરાયુ છે. હાલ રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી તરફના માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા માટે કામગીરી ચાલી રહી છે.જયારે આ કામ ટુંકમાં પુર્ણ થઈ જશે. વધુમાં આ કામગીરીના અંતે નગરના ક માર્ગનુ કામ પણ હાથ ધરાશે. ક માર્ગના સરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

૮.૫૦ લાખની આવક... ● છેલ્લા પાનાનું ચાલુ

આવ્યુ હતુ. આ દરમિયાન ગાંધીનગર ડેપોમાંથી પણ ૧૬૦ જેટલી ટ્રીપોનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે ડેપોએ રૂ ૮.૫૦ લાખની આવક મેળવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે હજુ પણ સ્થાનિકોને પુરતી અસરકારક બસ સેવા મળતી ન હોવાનો અસંતોષ યથાવત છે. જયારે લાખોની આવકના અંતે પણ એસ ટી ડેપો મુસાફરલક્ષી સુવિધાઓ પુરી પાડવામાં નિરસતા દાખવી રહ્યુ છે. એસ ટી ડેપો તસ્કરો માટે દિનપ્રતિદિન આર્શીવાદ રૂપ બન્યુ છે. પરંતુ દાયકાઓના અંતે પણ એસ ટી ડેપોમાં પોલીસ પહેરો ગોઠવી શકાયો નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ